

# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

## સલામી સવારની..

*આમને આમ ત્યાં બિહારી ખેલ ખેલાઈ જાય છે,*
*ને આમ બિહારી બાબુઓની રાષ્ટ્ર ભેલાઈ જાય છે,*
*સિલાઈ થાય છે પ્રજાની મેલાઈ જાય કરવત -*
*ને આમ બિહારી 'ટોપર્સ' દેશમાં ફેલાઈ જાય છે...*

હાઈકુ

*લે છે ગૌરવ -*
*'ચમચા' થવામાં ય -*
*શરમ વિના...*
*(એમાં 'સેન્સર' નહીં?!)*

*હમારા દિલ -*
*અબ 'આપ' કે 'પાસ'*
*ગરીબ વહુ -*
*(બધા પક્ષોની ભાભી)*

## ચિંતન

**ઈન્દ્રિયાણાં પ્રથમ શાસ્ત્રમ્**

ઉપરોક્ત ચાણક્ય સૂત્ર મુજબ ઈન્દ્રિયોને શાંત રાખનારી શક્તિ જ 'શાસ્ત્ર' છે.

ઈન્દ્રિયો ચંચળ છે. ભલભલા એના દાસ બની જાય છે. અને એના દોરવાયા દોરવાય છે. એને શાંત રાખવાની, એને વશમાં રાખવાની, એના પર કાબૂ મેળવવાની શક્તિ કોઈ વિરલામાં જ હોય છે. આ શક્તિ જ 'શાસ્ત્ર' છે. કારણ કે શાસ્ત્રો-ધર્મશાસ્ત્રો મનુષ્યને ઈન્દ્રિયો પર કાબૂ મેળવવાનો ઉપદેશ આપે છે.

આજના કળિયુગમાં જયારે બધી જ બાબતોમાં 'મર્યાદા' નો લોપ થતો જાય છે ત્યારે સ્ત્રીઓ પહેરવેશ, વર્તન અને સમાનતાના બહાને મર્યાદાને ઉંબર ઓળંગે છે, પુત્રો-આધુનિકતા અંચળા હેઠળ માતા-પિતાના સ્વમાનને ઢાંકી દે છે. નોકરચાકર - કર્મચારી સંગઠ્ઠનના શીંગડાં ભરાવે છે.

માણસે બધી રીતે 'ઈન્દ્રિયો' પર કાબૂ રાખી મન-વિચાર-આચરણ સંમય રાખવો જોઈએ.

## સુવિચાર

- જ્ઞાન અને તપ બંને મળીને મનુષ્યના વ્યક્તિત્વની શ્રેષ્ઠ પૂંજી બને છે - **ભર્તૃહરિ**
- તમારી સફળતાનું રહસ્ય માત્ર બે શબ્દોમાં સમાયેલું છે
  અને તે બે શબ્દો છે 'તત્કાળ નિર્ણય' - **સ્ટીફન કોવી**
- ચિંતા એ આજ સુધી કોઈ કમી પૂરી કરી નથી - **જીવનસૂત્ર**
- અભિલાષા જયારે દૃઢ નિશ્ચયમાં ફેરવાઈ જાય છે ત્યારે જ તે ફળ આપે છે - **સુધા મૂર્તિ**
- ઉદાર માણસ દરેક માણસ ઉપર વિશ્વાસ મુકી જાણે છે - **મોરારિ બાપુ**
- આનંદી માણસને અજીર્ણનો રોગ થતો જ નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : સિંધવ, જીરુ, હીંગ અને આખા ધાણાને વાટી એની પાણીમાં પેસ્ટ બનાવી એ પેસ્ટને ખાવાથી પેટમાં વાયુનો ગોળો ચડ્યો હોય તો રાહત થાય છે **(સંકલન : દિપક વી. આસરા)**

## બોધકથા

હાજર જવાબી અને બુદ્ધિવંત લોકો કોઈ પણ પરિસ્થિતિમાં ગભરાયા વિના, મનને શાંત રાખી, માર્ગ કાઢી લેતા હોય છે,

મુલ્લાં નસરુદ્દીન જંગલમાંથી પસાર થતા હતા. ત્યાં ત્રણ ડાકુ મળ્યા - ડાકુ જાણતા હતા - કે મુલ્લાં બુદ્ધિશાળી છે તેને લૂંટવામાં પણ આપણે બુદ્ધિ વાપરવી પડશે. ડાકુ સરદાર કહે - મુલ્લાં ! આ કોળાનું વજન કેટલું છે એ કહી દો - ચોક્કસ હોવું જોઈએ - અને કાંટા પર જોખ્યા વિના જ કહો - જો ખોટું નિકળશે તો તમને લૂંટી લેશું - સાચું કહેશો તો માનભેર જવા દેસું.

મુલ્લાં મૂંઝાયા - થોડીવાર વિચાર કર્યો પછી સરદારના માથાં તરફ જોઈ કહ્યું, આ કોળાનું વજન અને તમારા માથાનું વજન તદન સરખાં છે, તમારી મરજી મુજબ કાંટો કરાવી આવો હું અહીં જ બેઠો છું.

સરદારને મુલ્લાંની બુદ્ધિનો પરચો મળી ગયો અને પીઠ થાબડી જવા દીધો.

# ભાજપનો એક મુદ્દાનો કાર્યક્રમ : ઉત્તરપ્રદેશ!

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહની જુગલજોડી માટે રાજયસભાની ચૂંટણીનાં પરિણામો પ્રોત્સાહક છે. ભારતીય જનતા પાર્ટીનું સંગઠન એકંદરે અકબંધ રહ્યું છે અને ક્રોસ વોટિંગ એટલા મોટા પ્રમાણમાં નથી થયું કે એથી અકળામણ અનુભવવી પડે. એમને ઉત્તરપ્રદેશની વિધાનપરિષદનાં પરિણામોથી જરુર થોડો આંચકો અનુભવ્યો હતો, પરંતુ રાજયસભાની ચૂંટણીમાંના વોટ ફાળવવા છતાં જિતાડી થયું. જો કે પ્રીતિ મહાપાત્રને પોતાના વધારાના વોટ ફાળવવા છતાં જિતાડી નહીં શક્યાનો વસવસો અમિત શાહના ચહેરા પર જરુર વાંચી શકાતો હતો. કપિલ સિબ્બલ સામે પજકાર ઊભો કરવા પૂરતાં ગુજરાતણ ઉદ્યોગ સાહસિક કમ એક્ટિવિસ્ટ લાઈમ લાઈટમાં જરૂર રહ્યાં પણ માયાવતી મેમે બાજી ઊંધી વાળી દઈ આગામી વિધાનસભાની ચૂંટણીઓમાં એમનું વલણ કેવું હશે એનો સંકેત આપી દીધો છે. નરેન્દ્ર મોદી જે પાણીએ મગ ચડે એમ હોય તે પાણીએ ચડાવવામાં માને છે. આસામમાં ભાજપના મૂળ સંગઠનનું ઝાઝું ઊપજે એમ નહોતું, તેથી સંઘપ્રેરિત હિંદુત્વ એજન્ડા ઉપરાંત એમણે આસામ ગણ પરિષદ અને કોંગ્રેસનાં અસંતુષ્ટ નેતાઓને વેળાસર ભાજપમાં પ્રવેશ આપી દીધો હતો એટલું જ નહીં, એમને સરકાર રચાય તો એમાં મુખ્યમંત્રી પદ અને નંબર - ટુ જેવાં મહત્ત્વપૂર્ણ પદોની નવાજેશ કરવાનું વચન પણ આપી રાખ્યું હતું. આપેલું વચન એમને પાળી પણ બતાવ્યું તે આપણે જોયું છે. હરિયાણામાંથી રાજયસભાના ઉમેદવાર તરીકે સુભાષ ચંદ્રાને ટેકો આપીને મોદીએ 'મીડિયા - બાહુબલી'ને કબજે કરવાનો ખેલ પાડી દીધો. સોનિયા ગાંધીએ જાહેરમાં ઈન્ડિયન નેશનલ લોકદળના ઉમેદવાર આર.કે. આનંદને કોંગ્રેસ વથી ટેકો જાહેર કર્યો હોવા છતાં કોંગ્રેસના તમામ મત રદ બાતલ થયાં એમાં પણ જરુર કોઈ રાજરમત રમાઈ હોવી જોઈએ. ઉત્તરપ્રદેશ કબજે કરવા માટે વડાપ્રધાન અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ આકાશપાતાળ એક કરશે એમાં શંકાને સ્થાન નથી. ઉત્તરપ્રદેશના મતદાતાઓને રીઝવવા અનેક દિશાએથી સામટું આક્રમણ થશે. દલિતોના નેતા તરીકે કેશવપ્રસાદ મૌર્યને પ્રદેશ એકમના સુકાની બનાવાયા છે. બીજી તરફ આંબેડકરને પંડિત નહેરુએ કેટલી હદે પજવ્યા અનો પ્રચાલ ચાલુ છે. મોદી પોતે 'ઓબીસી' નેતા તરીકેની ઈમેજ લોકસભાની ચૂંટણી વખતે જ પ્રસ્થાપિત કરી ચૂક્યા છે. હિંદુત્વ એજન્ડાની જવાબાદરી સંઘ, વિશ્વહિંદુ પરિષદ, બજરંગ દળ જેવા સંગઠનો ઉપરાંત યોગી આદિત્યનાથ અને સાધ્વી પ્રાચી જેવા સાંસદો સંભાળી રહ્યાં છે. રાજનાથસિંહ પર રાજપૂતોના મતોનું ધ્રુવીકરણ કરવાની જવાબદારી છે. રાજનાથે પ્રજાને લાગણીસભર અપીલ કરીને ભાજપનો ચૌદ વરસનો વનવાસ સમાપ્ત કરવાની અપીલ કરી છે. રાષ્ટ્રીય કારોબારીમાં વડાપ્રધાને વિપક્ષોને લોકો આગળ વધુ ને વધુ ઉઘાડા પાડવાની અને સરકારની

## તંત્રીસ્થાનેથી...

સિદ્ધિઓનો વધુમાં વધુ પ્રચાર કરવાની હાંકલ કરી છે. અડવાણી અને મુરલી મનોહર જોષી જેવા વરિષ્ઠોને હાંસિયે ધકેલવાની કૂટનીતિ સામે પાર્ટીનાં વર્તુળોમાં અંદરખાને અસંતોષ હશે, પરંતુ એમની ખુલ્લી તરફેણ કરવાની કોઈની હિંમત નથી, પાર્ટીનો સંપૂર્ણ કબજો મોદી-શાહની ગુજ્જુ બેલડી પાસે છે, પ્રશ્ન ઉત્તરપ્રદેશનાં ઝઘડતાં જૂથોને ભેગાં રાખી શકે એવો ચહેરો શોધવાનો છે. એવો એક માત્ર ચહેરો રાજનાથ હોઈ શકે છે. પરંતુ હાલ પૂરતું કોઈ નામ જાહેર કરવામાં પાર્ટીને જોખમ લાગી રહ્યું છે. પશ્ચિમ ઉત્તરપ્રદેશના કૈરાનામાં ૩૪૬ હિંદુ પરિવારોએ મુસ્લિમોના ત્રાસથી હિજરત કરવી પડી છે, એવો આક્ષેપ થયો છે. ભાજપ માટે હિંદુત્વનું કાર્ડ ઉજાગર કરવા માટે આ એક વધુ મુદ્દો હાથવગો બન્યો છે. આગામી દિવસોમાં હિન્દુ બહુમતીના ધ્રુવીકરણ દ્વારા જ ઉત્તરપ્રદેશમાં ભાજપ સત્તા હસ્તગત કરવાના સપનાં જોઈ રહ્યું છે. અલબત્ત, વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિકાસના મંત્ર સાથે અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ઊભી થયેલી મૂઠી ઊંચેરી ઈમેજના મુદ્દે જ પ્રચાર સભાઓ ગજવશે. આખરે યેનકેન પ્રકારેણ ઉત્તરપ્રદેસની ચૂંટણી જીતવી તે જ ભાજપનો એક મુદ્દાનો કાર્યક્રમ રહેશે.

# શું હવે સ્વર્ગ-જન્નત અને હેવન વચ્ચે જંગ થશે!

આજે વેકેશન દરમિયાન કરેલ લેહ યાત્રા તથા પોંડીચેરીની સફર વિશેની વાત આપ સાથે શૅર કરવી હતી. પરંતુ ગઈકાલના અમેરિકાના ઓરલોન્ડો શહેરમાં આવેલા શૂટઆઉટના સમાચારો એ મગજ અને હૃદય હલબલાવી નાખ્યું.

લાગ્યું કે લેહની બર્ફીલી યાત્રા અને સ્વર્ગસમા અનુભવનું તથા પોંડીચેરીના અરવિંદ આશ્રમની શાંતિની અનુભૂતિ તમને કરાવવી હશે તો આ મન-મસ્તિષ્ક અને આક્રોશયુક્ત હૃદય સાથે તો ચોક્કસ પણે નહીં થઈ શકે...

એક સમયે પાક રમઝાન દરમિયાન ભારત-પાકિસ્તાન સરહદ પર ફાયરિંગ ન હતા થતા... અને હવે ઓરલોન્ડો જેવા સ્વર્ગ સમા પ્રદેશમાં ઈસ્લામના નામે શૂટઆઉટમાં નાઈટ કલબમાં ૫૦-૫૫ નિર્દોષોને સ્વર્ગીય કરી દેવામાં આવ્યા... આ તે વળી કઈ જાતની ઈબાદત કે નફરત? રોજાની રાત્રે આવું ભૂંડૂ કામ?

શું હવે સ્વર્ગ અને જન્નત બંને વચ્ચે યુદ્ધ થશે? કે પછી અલ્લાહ ઈશ્વર અને જીસઝ એકમેકના પ્રાણ-પ્યાસા થશે? મંદિર-મસ્જિદ-ચર્ચ એકબીજા પર તોપગોળો ઓકશે? આતંકનો કોઈ ધર્મ નથી હોતો તેવું લખતા પણ હવે કલમ ધ્રુજે છે...

ઈસ્લામને ખતરો છે બિન મુસ્લિમોમાંથી નહીં પણ મુસ્લિમોથી જ કટ્ટરવાદીઓના આતંકથી નહીં પરંતુ સમજુ મુસ્લિમોના મૌનથી...!

દુર્યોધન અને દુઃશાસનનું તો ખૈર ચરિત્ર જ ભૂંડુ હતું... પણ ભીષ્મ અને દ્રોણ મૌન હતા તેમાં મહાભારત સર્જાયું...

આવા સમયે જો ટ્રમ્પ કાર્ડ ચાલી જશે તો સૌથી વધુ નુકશાન માનવતાને થવાનું છે... ટ્રમ્પનું સીધું કહેવું છે કે સાપ ઝેરી છે કે બિનઝેરી તે કરડાવીન ચેક નહીં થાય...

આમા સહુથી વધુ ભોગવવાનું મુસ્લિમોને જ આવે છે... જે કશું જાણતા પણ નથી તેમને નફરતની નજર અને શબ્દોનો મારો સહન કરવો પડે છે... અને તેમની આજુબાજુ નાના-મોટા ટ્રમ્પ ઊભા થઈ જાય છે... વળી પાછા વેસ્ટર્ન લાઈફ સ્ટાઈલ સામે વાંધો ઉઠાવનારા ધર્મજડસુ રૂઢિચુસ્તોને અમેરિકાના શસ્ત્રો વાપરવાનો કોઈ વાંધો નથી... લાદેન પરના હુમલા સમયે તે કમ્પ્યુટરમાંથી પોર્નડેટા મળી આવેલો... એકબાજુ ઉદારવાદી પશ્ચિમ છે જે લંડનમાં મુસ્લિમને મેયર બનાવે છે... બીજી બાજુ આવા ઉમર જેવા ત્રાસવાદી... ત્યાંનું ખાધેલું જ છાંડે છે...

અને વિચારવા જેવી બીજી વાત એ છે કે આ હુમલાનો જવાબદાર વ્યક્તિ ત્યાં જ જન્મ્યો છે, ત્યાં જ મોટો થયો છે, ત્યાંનું જ શિક્ષણ લીધું છે... છતાં પણ જો તેના મગજમાં કટ્ટરતાનું આટલું ઝેર ભરાયેલું હોય તો... પછી આટણી પડોશમાં તો માહોલ જે આવો છે. ત્યાં જન્મતા વેત જ જે બીજ રોપવામાં આવે છે તેવા વ્યક્તિની માનસિકતા કેવી હોય...!



વિચારયાત્રા
ડૉ. જય ઓઝા

જંગલમાંથી હાથી પડી જાય તો એ માત્ર પોતાની મદદથી જ ઊભો થઈ શકે છે, તેને બીજું કોઈ ઊભું કરી શકતું નથી... ઈસ્લામે તથા તેના અનુયાયીઓએ આ કાળી ટીલડી હટાવવી હશે તો ખુદ સામે આવવું પડશે...

કુરાન અને ઈસ્લામનો સાચો સંદેશ જો શાંતિનો હોય તો તેને ફેલાવો કરવા તથા યુવામાનસમાંથી કટ્ટરતા કાઢવા માટે ધર્મગુરુઓએ મહેનત કરવી પડશે...

આ ભયાનક માનસિકતાને કચડી નાખવાનો સમય ક્યારનો પાકી ગયો છે... ત્રાસવાદીઓ ખરાબ અને ઓછા ખરાબ તેવા ભ્રમમાં રહેવા જેવું નથી...

આપણે ત્યાંનો તાજ એટેક અને તેના પર બનાવેલી રામગોપાલ વર્માની ફિલ્મ જોવા જેવી છે... ખૂબ સચોટ રીતે તેણે બ્રેઈન વૉશ થયેલા યુવાનો કેવી રીતે બાળકો અને મહિલાઓને પણ નિશાના પર લે છે તે બતાવ્યું છે... તેમના મગજ બગાડનાર અભ્યાસક્રમ અને હાફિઝ સઈદ જેવા જયા સુધી સલામત છે ત્યાં સુધી એકલ-દોકલ ત્રાસવાદીને મારવાથી કોઈ ઉપાય રળવાનો નથી...

અનુસંધાન પાના નં. ૭ પર

# જોતાં રે જોતાં રે અમને જડિયા રે, સાચા સાગરના મોતી

કેટલાક ધન્યનામ સંત કવિઓનું માત્ર નામ સ્મરણ કરીએ ત્યાંજ અંતરમાં આનંદ તથા ઉલ્લાસની હેલી પ્રગટ થાય છે. ગાંધીજી કહેતા એમ ' કોશીયા ' (કૂવામાંથી કોશ વાટે ખેતીના હેતુ માટે પાણી ખેંચનારો શ્રમિક - ખેડૂત)ને પણ સમજાય તેવી સરળ ભાષામાં સાહિત્ય લખાવું જોઈએ. આપણાં મધ્યયુગના સંતોની સરળ ભાષામાં લખાયેલી રચનાઓમાં વેદોની વાણી ઘૂઘવી રહી છે. રવિ-ભાણ સંપ્રદાયના રવિ સાહેબ (ઈ.સ. ૧૭૨૭-૧૮૦૪) આવા એક ઉચ્ચ કોટીના સર્જક તથા સાધક હતા. નિર્મળતા - સહજતાનો ધોધ સરળ સ્વરૂપે રવિ સાહેબની સંતવાણીમાં પ્રગટ્યો છે.

મેં પનિહારી રામકી, છીલર જળે ન નહાઉ,
પડદા તોડ પિયાળે પેઠું, નિરમળ જળ ભરી લઉ.

જેનું અનુસંધાન પરમતત્વ સાથે સંધાયેલું હોય તેને છીછરા જળમાં - જગતની અસ્થાયી બાબતોમાં શા માટે રસ પડે ? તીરે ઊભા રહી તમાશો જોનારા આ સંતો નથી. કવિ શ્રી બાલમુકુન્દ દવેના શબ્દો યાદ આવે.

છીછરા જળમાં હોય શું નહાવું
તરવા તો મઝધારે જાવું
ઓર ગાણામાં હોય શું ગાવું
ગીત ગાવું તો પ્રીતનું ગાવું.

ભાણ સાહેબ એ કબીર પરંપરાના સુપ્રસિધ્ધ તથા પ્રભાવી સંત થયા. રવિસાહેબ એ ભાણ સાહેબના સમર્થ તથા સુવિખ્યાત શિષ્ય છે. ભાણ સાહેબની કૃપાનો તેમના જીવનમાં મોટો મહિમા છે.

ધરણી નહિ આકાશ નહિ,
નહીં દિવસ કે રાત્રી,
અલખ પુરૂષ પ્રકાશિયા,
નહિ દીવો કે બાતી.

રવિ સાહેબ કહે છે તેમ આ સંતો સ્વયં પ્રકાશિત છે. ' પારકા તેજ ને છાયા ' ઉછીના લઈને તેઓ જીવ્યા નથી. આથીજ તેમની વાણીનો ઉજાસ આજે પણ ઝળાહળા છે. કારણ કે આ વાણી 'કાલજયી' છે. જગતના સંતોના મેળામાં આપણી ભાષાના કોઈ પ્રતિનિધિ સંતને મોકલવા હોય તો એ માટે રવિ સાહેબ સર્વ પ્રકારે સુયોગ્ય છે તેવી સાંઈ મકરન્દની વાત ખૂબજ ઉચિત છે. આ સંતોને ગુરુની કૃપા ફળી છે. આ કૃપા થકીજ તેઓને સ્નેહ તથા ભક્તિના અમૂલ્ય પદાર્થો સાંપડ્યા છે.

આનંદ ઘડી, હેતે ભજવા હરિ,
મારો સાહેબો સોહાગી મળિયા
આનંદ ઘડી...
પ્રેમનો પિયાલો મારા ગુરૂજીએ પાયો,
નુરતે ને સુરતે મેં તો નીરખ્યા હરિ.
સત શબદ મારા ગુરૂએ સુણાયો,
જોતાં ને જોતાં અમને વસ્તુ જડી.
રુદિયા કમળમે હુવા અજવાળા,
તખત તરવેણી પર જ્યોતું ખડી
કહે રવિરામ સંતો ભાણ પ્રતાપે,
અગમ આસન ઉપર સુરતા ચડી,
મારો સાહેબો સોહાગી મળીયા...

ભજન એ આપણાં મધ્યકાળના સાહિત્યનું કદાચ સૌથી વધારે લોકપ્રિય થયેલું કાવ્ય સ્વરૂપ છે. ખૂબજ પ્રભાવી તેમજ સરળ વાણીને કારણે તેની પહોંચ ખૂબજ વિસ્તૃત છે. સંસ્કૃત પ્રધાન પૂજા - અર્ચનાની ભાષા કદાચ જન જન સુધી પહોંચવી અને પહોંચે તો પણ સમજાવી મુશ્કેલ હતી. જ્યારે સંતોની આ વાણી માનું દૂધ જે સહજતાથી શિશુના ગળે ઉતરી જાય અને પચે તેવી સુપાચ્ય અને પોષક હતી. સાદગી અને સરળતાના આભૂષણો તેની શોભા હતા. રવિ સાહેબ ફરમાવે છે તેમ જેને 'સાહેબ' સાથે મેળાપ થયો છે તેને તો ક્ષણે ક્ષણ આનંદ અને ઉલ્લાસપૂર્ણ બની જાય છે. રવિ સાહેબનું આ દર્શન તે અનુભૂતિનું દર્શન છે. આ દર્શન તો રવિરામને થયું પરંતુ તરતજ ઉમેરે છે કે આ ઉપલબ્ધી પોતાની કોઇ વ્યક્તિગત સિધ્ધિ કે વિશિષ્ટતાને કારણે નથી. આ તો ગુરુ ભાણ સાહેબની પ્રસન્નતા તથા ઉદારતાના પ્રતાપ છે. ગુરુ કૃપાથીજ રવિ સાહેબ પોતાને તથા 'ભાણફોજ' ના બીજા શિષ્યોને અમૂલ્ય જ્ઞાનનો પ્રકાશ પ્રાપ્ત થયો છે તેમ કહે છે. 'સબસે ઊંચી પ્રેમ સગાઈ' નો મંત્ર સંતવાણીના સર્જકોએ ગાયો છે તથા તે કારણથી લોકસમૂહમાં પ્રસર્યો છે. આ સંતોએ જીવનભર વિચરણ કર્યું. ઉદારતા, સ્નેહ તથા સહિષ્ણુતાના પાઠ જનજનને પઢાવ્યા. ''સાદું જીવન અને ઉચ્ચ વિચાર'' નો સંદેશ પોતાના વાણી-વર્તન થકી વહેતો કર્યો.



ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

બંગાળમાં ઘણાં લાંબા કાળથી મરમી તથા માનવતાપ્રધાન બાઉલ લોકોની ઉજળી ભક્તિ પરંપરા ચાલી આવે છે. કવિગુરૂ ટાગોરની રચનાઓ પર પણ તેનો પ્રભાવ હોય તેમ માનવામાં આવે છે. ગુજરાતમાં રવિભાણ સાહેબની ઉજળી પરંપરા પણ આવીજ પ્રભાવી, નિર્મળ તથા જીવન માટે પથદર્શક છે. તેથીજ તે વાણી સર્વકાળે પ્રાસંગિક છે. મધ્યયુગના આ સંતોની વાણીમાં સરળતા છે. સંત સાહિત્ય સૂર્ય પ્રકાશની જેમ સર્વને સુલભ છે. પંથ કે સંપ્રદાયના વાડામાં આ સંતો બંધાયા નથી. નાત જાતના કોઈ ભેદ આ સંતોએ માન્યા નથી. જ્યાં અન્યાય કે પાખંડનું દર્શન થાય ત્યાં તેને ખુલ્લી રીતે આ સંતોએ પડકારેલું છે. સમર્પણ તથા નિરાભિમાનીતા એ તેમની વાણીમાં અને જીવનમાં અભિન્ન તાણાંવાણાંની જેમ ગૂંથાયા છે. ગંગાસતીએ ગાયું છે :

ભક્તિ કરવી તેને
રાંક થઈને રહેવું ને
મેલવું અંતરનું અભિમાન રે.
સદગુરુ ચરણમાં શીશ નમાવી
કરજોડી લાગવું પાય રે...

ભક્તિમાર્ગના સંતો ભજનવાણીમાં સોળે કળાએ મહોરી ઊઠ્યા છે. તેમની રચનાઓ લોકજીભે ચડીને પ્રસરી છે. આજે પણ આ રચનાઓ સતત ગવાતી અને સંભળાતી જોવા મળે છે. વાણીના આંતરિક સત્વ સિવાય આવું કેવી રીતે બની શકે ? સતારશા જેવા ભજનવાણીના ઉપાસકોએ સાચો માર્ગ ગ્રહણ કરવા પ્રેરણા પૂરી પાડી છે.

ન જાવું ન જાવું કુમાર્ગે કદાપિ
વિચારી વિચારીને પગલાં ભરું છું...
શું પૂછો છો મુજને કે હું શું કરું છું
મને જ્યાં ગમે ત્યાં હરું છું ફરું છું.

સંત જ્ઞાનેશ્વરના અર્થસભર શબ્દોને મકરંદભાઈ યાદ કરાવે છે. 'સંત કૃપાદીપકુ સોજવળ અસે' સંતોનો કૃપાદીપ ઝળહળી રહ્યો છે એજ આપણું સદભાગ્ય છે. આ કૃપાદીપનું અજવાળું સૌને સદાકાળ સુલભ છે.

# પ્રત્યેક વ્યક્તિના જીવનમાં માતા-પિતાનું અનેરું અને વર્ણવી ન શકાય એવું આદરપૂર્ણ સ્થાન છે, મા પ્રેમ આપે છે અને પિતા સાહસ આપે છે, મા સંસ્કાર આપે છે તો પિતા જીવનના સંઘર્ષોમાં લડતા શીખવે છે

''આપકો ભગવાન કે દર્શન કરને હૈ? ચલો આજ મેં તુમ્હે મીલવાતા હૂં.'' ઝી ટીવી પરના જાણીતા શો સારેગામાપાના એક ગાયકની પ્રતિભાથી - ગાયકથી ખુશ થઈને આ શોના એક મેન્ટર સાજીદ ખાને કહ્યું ત્યારે એ ગાયક સાવ શાંત ચિત્તે ઊભો રહ્યો એના ભગવાનની પ્રતિક્ષામાં.

૧૯૯૦ના દાયકામાં આરંભ થયેલો સારેગામા શો ભારતીય ટેલિવિઝનનો ફર્સ્ટ સિંગીંગ ટેલેન્ટ હન્ટ શો બની રહ્યો છે અને એક નોખો - અનોખો ઈતિહાસ આ શૉએ સંગીતક્ષેત્રે રહ્યો છે.

અત્યાર સુધીની અનેક સિઝનમાં ભારતના ગ્રામીણ વિસ્તારોથી લઈને વિદેશોમાં વસતા અજાણ્યા અને જાણીતા અનેક નવયુવાન ગાયક કલાકારોના જીવનમાં આ શોના માધ્યમથી અજવાળા રેલાયા છે. એક જ મંચ પર શાસ્ત્રીય - લોક - ફિલ્મી - વેસ્ટર્ન - ગઝલ એમ ગાયકીના વિવિધ ક્ષેત્રોના દિગ્ગજ કલાકારો જ્યુરી કે મેન્ટર રૂપે હાજર રહી નવોદિત કલાકારોને પ્રોત્સાહિત કરતા હોય એ દૃશ્યો લાખ્ખો સંગીતપ્રેમીઓને યાદ હશે. શો ના એન્કર તરીકે એક સમયે જાણીતા ગાયક સોનુ નિગમે નિભાવેલી શ્રેષ્ઠ ભૂમિકા, તેની સરળતા-નમ્રતા આજે પણ લોકહૃદયમાં વિશેષ સ્મરણો રુપે સચવાઈ છે.



અજવાળું - અજવાળું
તુષાર જોશી

શ્રેયા ઘોષાલ - કુણાણ ગાંજાવાલા - શેખર રવજીયાની - બેલા શીંદે - સંજીવની ભેલાન્દે અને આપણા ગુજરાતનો - મૂળ ભાવનગરી પાર્થિવ ગોહિલ સહિતના અનેક કલાકારો ફિલ્મ જગતને આ શો ની ભેટ છે.

રવિવાર તા. ૧૨ જૂનની રાત્રે પ્રસારિત થયેલા એપિસોડમાં એક હૃદયસ્પર્શી ઘટના સારેગામાપાના સ્ટેજ પર જોવા મળી.

ઉત્તરપ્રદેશના લક્ષ્મીપુર ગામનો વ્યવસાયે મ્યુઝિક ટીચર એવો કલાકાર સચિન કુમાર વાલ્મિકન એની પ્રસ્તુતિ કરી રહ્યો હતો. મા સરસ્વતીની કૃપાથી ગળામાં અદભુત મીઠાશ સાચવીને બેઠેલા આ કલાકારે જાણીતું રાજસ્થાની ધૂન પર આધારતી ગીત બાવો રે બાવો રે... ગાઈને સૂરમયી વાતાવરણ સર્જી દીધું છે.

કાર્યક્રમના મેન્ટર અને જાણીતા તબલા પ્લેયર ઉસ્તાદ શરાફતખાનના સુપુત્રો સાજીદ અને વાજીદ પૈકીના સાજીદે આનંદથી સભર થઈ એને લેખના આરંભે લખેલું વાક્ય કહ્યું... અને મંચ પર પ્રવેશ થતો ગામડેથી આવેલા સચિનના માતા-પિતાનો... સચિનની ગાયકીથી અને તેને મળેલા માન-સન્માનથી આનંદિત થયેલા લાગણીવશ માતા-પિતા પુત્રને ભેટ્યા. એના પિતા મુન્ના લાલે કહ્યું, મારી નોકરીના સમયે મારી તબિયત સારી ન હોય તો એ નોકરી એ જઈ આવતો અને બધા એની ઠેકડી ઉડાવતા પરંતુ આજે સચિન સ્વ મહેનતથી આગળ વધ્યો છે અને તેનું નામ જાણીતું સમગ્ર વિશ્વમાં થયું છે તેનો મને આનંદ છે. સાજીદ ખાને પણ એમને કહ્યું કે, 'સચિનના માથે હાથ મુકો જેથી મુશ્કેલીઓ સામે તેનું રક્ષણ થાય...'

એ પછી એક ગાયક આવ્યો કોલકાત્તાનો કુશલ પૌલ. માત્ર ૧૭ વર્ષની ઉંમરે પ્લેબેક સિંગર બની જનાર આ યુવાન સ્ટેજ કાર્યક્રમો થકી આર્થિક વળતર મેળવીને પિતાને મદદરુપ થાય છે. એની માતા સાથે એને વિશેષ લગાવ... થયું એવું કે સારેગામાપાનું શુટીંગ માટે લાંબો સમય મુંબઈ રહેવાનું થયું.... સ્વયં એણે જ કહ્યું કે મારી માતાને હાર્ટ ઍટેક આવ્યો - મિત્રોએ પોતાની ફરજ નિભાવી અને બધું સારું થયાં પછી મને જાણ કરી... એની માતાએ પણ ઘરેથી આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું કે, 'હું તને સાક્ષાત ગાતો જોવા મુંબઈ ન આવી શકી પરંતુ ટીવી પર જોઈ તને રાજી થાઉં છું. બેટા તું ખૂબ આગળ વધે અને તારું નામ રોશન થાય!'

બંને કલાકારો જેઓ સાવ સામાન્ય પરિવારમાંથી આવે છે અને માતાપિતાને તથા પરિવારને અનહદ પ્રેમ કરે છે, શો માં વિજેતા થઈને માતાપિતાને રાજી જોવા ઈચ્છે છે. એમની લાગણી - એમની પીડા - એમના સપના અને એમનો માતા-પિતા પ્રત્યે પ્રેમ આ બધું જ જોઈને દર્શકો માટે આ દૃશ્ય એક મીઠું સંભારણું બની ગયું છે.



સારેગામાપાના એન્કર આદિત્યનારાયણે સચિનને દુ:ખી આત્મા તરીકે એકવાર ઓળખાવ્યો હતો... એ સચિનના જીવનનો સંઘર્ષ અને માતાપિતા પ્રત્યેની ભાવના જયારે સહુએ જાણી ત્યારે એના શરમાળપણાનું કારણ પણ જાણવા મળી ગયું હશે.

પ્રત્યેક વ્યક્તિના જીવનમાં માતા-પિતાનું અનેરું અને વર્ણવી ન શકાય એવું આદરપૂર્ણ સ્થાન છે. મા પ્રેમ આપે છે અને પિતા સાહસ આપે છે. મા સંસ્કાર આપે છે તો પિતા જીવનના સંઘર્ષોમાં લડતા શીખવે છે માતાપિતા હોય ત્યારે પ્રત્યેક બાળકના સપના સાચા પડશે એવી શ્રદ્ધા એ બાળકોને હોય છે ને મા-બાપ પેટે પાટા બાંધીને પણ બાળકોના સપના પુરા કરે જ છે.

જે ઘરોમાં માતાપિતા જીવંત હોય છે એ ઘરોની રોનક જુદી હોય છે. માતાપિતા પ્રત્યે આદર રાખવો - એમને સાંભળવા - એમે સમય આપવો એ પ્રત્યેક સંતાની ફરજ છે અને આવો પ્રેમ જયાં દેખાય છે ત્યાં ત્યાં માતા પિતાના પ્રેમના અજવાળા પથરાય છે.

તેજપૂંજ :

*ય તો સચ હૈ કે ભગવાન હૈ*
*હૈ મગર ફિરભી ઈન્સાસ હૈ*
*ધરતી પે રૂપ મા-બાપ કા*
*યે વિધાતા કી પહેચાન હૈ*

**- ફિલ્મ 'હમ સાથ સાથ હૈ'નું સંવેદનશીલ ગીત**